# પાઠ-૨ શૂન્યની કિંમત
# Notes

(Month of June)

**પ્રશ્ન.૧ સમાનાર્થી શબ્દ લખો.**

૧ જંગલ – વન
૨ અંક – સંખ્યા
૩ શૂન્ય – મીંડું
૪ અભિમાન – ગર્વ
૫ કિંમત – મૂલ્ય

**પ્રશ્ન ૨ વિરોધી શબ્દ લખો.**

૧ અંદર X બહાર
૨ આગળ X પાછળ
૩ પ્રેમ X ધૃણા, નફરત
૪ ગૌણ X મુખ્ય
૫ અભિમાન X નિરાભિમાન

**પ્રશ્ન ૩ ખાલી જગ્યા પૂરો.**

૧ અંકવન નામના વનમાં બધા ઝાડ પર અંકો અને શૂન્યો રહેતા હતા.
૨ રમત રમતી વખતે ૧ થી ૯ અંકો સૌથી વધુ દાદાગીરી કરતા હતા.
૩ અંકવનમાં પ્રસિદ્ધ ગણિત શાસ્ત્રી આર્યભટ્ટ ફરવા આવ્યા.
અંકોને સમજાય છે કે તેઓ શૂન્ય વગર અધૂરા છે.
૫ પરસ્પર સહકાર અને એકતાની ભાવના કેળવી.

**પ્રશ્ન ૪ નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

૧ અંકવનમાં કોણ કોણ રહેતું હતું?
જવાબ અંકવનમાં અંકો અને શૂન્યો રહેતા હતા.
૨ અંકોને શેનું અભિમાન હતું?
જવાબ તેઓ અંકો છે એવું તેમને અભિમાન હતું.
૩ શૂન્ય અંદરો-અંદર શું વાત કરતા હતાં?
જવાબ "આપણે તો આ સૃષ્ટિ પર ગૌણ છીએ" એમ વાત કરતા હતાં.
૪ આર્યભટ્ટ અંકવનમાં શું જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા?
જવાબ અંકો અને શૂન્ય શૂન્ય અલગ-અલગ રહે છે તે જોઈને આર્યભટ્ટ આશ્ચર્યચકિત થઈ ગયા.
૫ આર્યભટ્ટે અંકોને કેવી રીતે સમજણ આપી?
જવાબ આર્યભટ્ટ ૨૦, ૧૦, ૪૦, ૬૦ અંકોને બોલાવે છે પરંતુ કોઈ અંક આવતું નથી ત્યારે અંકોને '૦' ની જરૂર સમજાય. આ રીતે સમજણ આપી.
૬ આ પાઠમાંથી શું બોધ મળે છે?
જવાબ પરસ્પર સહકાર અને એકતાની ભાવનાનો બોધ મળે છે.
૭ અંકો કઈ કઈ રમતો રમતાં હતા?
જવાબ અંકો આંબલી, પીપળી, ભમરડો, લખોટી અને ગિલ્લીદંડો વગેરે રમતો રમતા હતા.

૮ હંમેશાં વૃક્ષ પર ઉદાસ કોણ બેસતું હતું?

જવાબ હંમેશાં વૃક્ષ પર શૂન્ય ઉદાસ બેસતું હતું.

૯ ગણિતશાસ્ત્રીનું નામ શું હતું?

ગણિતશાસ્ત્રીનું નામ આર્યભટ્ટ હતું.

પ્રશ્ન ૫ CBE based Questions.

**મૌખિક**

૧ આપના મતે અંકો અને શૂન્યોનું મહત્વ શું છે?

૨ તમને આ પાઠ દ્વારા શું શિખવા મળ્યું?

**લેખિક**

૩ અભિમાન કોને હતું? શા માટે?

૪ આર્યભટ્ટ કોણ હતાં?

**ચિંતનશીલ**

૫ ગણિતનો ઉપયોગ રોજીંદા જીવનમાં ક્યાં ક્યાં જોવા મળે છે?

## Work sheet

* નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

૧. ‘શૂન્ય’ શબ્દનો સમાનાર્થી શબ્દ લખો.

૨. ‘સંખ્યા’ શબ્દનો સમાનાર્થી શબ્દ લખો.

૩. ‘નિરાભિમાન’ શબ્દનો વિરોધી શબ્દ લખો.

૪. ‘ધૃણા’ શબ્દનો વિરોધી શબ્દ લખો.

૫. અંકો અને શૂન્યો ક્યાં રહેતા હતાં?

૬. ગણિતશાસ્ત્રી કોણ હતાં?

૭. અભિમાન કોને હતું? શા માટે?

૮. અંકવન નામના વનમાં બધા ઝાડ પર ……. અને શૂન્યો રહેતા હતા.

૯. અંકવનમાં પ્રસિદ્ધ ……….. આર્યભટ્ટ ફરવા આવ્યા.

૧૦. પરસ્પર સહકાર અને એકતાની …….. કેળવી.

Delhi Public School Gandhinagar

Academic Session: 2022-2023

Class- V Third Language

Topic: મૂળાક્ષર

(Month of April)

* નીચે આપેલ સ્વર લખો.

| | | | |
|---|---|---|---|
| અ | આ | ઇ | ઈ |
| ઉ | ઊ | ઋ | એ |
| ઐ | ઓ | ઔ | અં |
| અ: | | | |

* નીચે આપેલ વ્યંજન લખો.

| | | | | |
|---|---|---|---|---|
| ક | ખ | ગ | ઘ | ઙ |
| ચ | છ | જ | ઝ | ઞ |
| ટ | ઠ | ડ | ઢ | ણ |
| ત | થ | દ | ધ | ન |
| પ | ફ | બ | ભ | મ |
| ય | ર | લ | વ | * |
| શ | ષ | સ | હ | ળ |
| ક્ષ | ત્ર | જ્ઞ | શ્ર | * |

* સંયુક્ત વ્યંજન ચાર છે.

ક્ષ - ક્ + ષ્ + અ

ત્ર - ત્ + ર્ + અ

જ્ઞ - જ્ + ઞ્ + અ

શ્ર - શ્ + ર્ + અ

* બારાક્ષરીની રચના

| વ્યંજન | સ્વર | ચિહ્ન | સ્વરયુક્ત વ્યંજન |
|---|---|---|---|
| ક્ | અ | - | ક |
| ક્ | આ | ા | કા |
| ક્ | ઇ | િ | કિ |

| | | | |
|---|---|---|---|
| ક્ | ઈ | ◌ી | કી |
| ક્ | ઉ | ◌ુ | કુ |
| ક્ | ઊ | ◌ૂ | કૂ |
| ક્ | ઋ | | કૃ |
| ક્ | એ | ◌ે | કે |
| ક્ | ઐ | ◌ૈ | કૈ |
| ક્ | ઓ | ◌ો | કો |
| ક્ | ઔ | ◌ૌ | કૌ |
| ક્ | અં | ◌ં | કં |
| ક્ | અ: | ◌: | ક: |

નોંધ એકલા વ્યંજન ખોડા કહેવાય તેમાં સ્વરભળે એટલે પૂર્ણ અક્ષર બને.

*** નીચે આપેલા શબ્દોનો વર્ણવિચ્છેદ કરો.**

| | |
|---|---|
| રમત | ર્ + અ + મ્ + અ + ત્ + અ |
| તરસ | ત્ + અ + ર્ + અ + સ્ + અ |
| તારક | ત્ + આ + ર્ + અ + ક્ + અ |
| કાજલ | ક્ + આ + જ્ + અ + લ્ + અ |
| મતિ | મ્ + અ + ત્ + ઇ |
| વિજ્ઞાન | વ્ + ઇ + જ્ + ઞ્ + આ + ન્ + અ |
| નદી | ન્ + અ + દ્ + ઈ |
| પરીક્ષા | પ્ + અ + ર્ + ઈ + ક્ + ષ્ + આ |
| ગુલાબ | ગ્ + ઉ + લ્ + આ + બ્ + અ |
| પૂજન | પ્ + ઊ + જ્ + અ + ન્ + અ |
| પૃથા | પ્ + ઋ + થ્ + આ |
| તૃણ | ત્ + ઋ + ણ્ + અ |
| પેન | પ્ + એ + ન્ + અ |
| શૈલ | શ્ + ઐ + લ્ + અ |
| મોલ | મ્ + ઓ + લ્ + અ |
| ચૌદશ | ચ્ + ઔ + દ્ + અ + શ્ + અ |
| નંગ | ન્ + અં + ગ્ + અ |
| નમ: | ન્ + અ + મ્ + અ: |
| ક્રમ | ક્ + ર્ + અ + મ્ + અ |
| ધન્વી | ધ્ + અ + ન્ + વ્ + ઈ |

*** નીચે આપેલા શબ્દોનો વર્ણસંયોજન કરો.**

| | |
|---|---|
| મ્ + અં + દ્ + ઇ + ર્ + અ | મંદિર |
| દ્ + ઈ + પ્ + ઇ + ક્ + આ | દીપિકા |
| છ્ + અ + ત્ + ર્ + ઈ | છત્રી |
| શ્ + ર્ + આ + વ્ + અ + ણ્ + અ | શ્રાવણ |

| | |
|---|---|
| વ્ + આ + ન્ + અ + ર્ + અ | વાનર |
| ઐ + ર્ + આ + વ્ + અ + ત્ + અ | ઐરાવત |
| એ + ક્ + અ | એક |
| ગ્ + ઓ + પ્ + ઈ | ગોપી |
| દ્ + ર્ + આ + ક્ + ષ્ + અ | દ્રાક્ષ |
| જ્ + અ + ન્ + અ + ક્ + અ | જનક |
| ન્ + અ + વ્ + ય્ + આ | નવ્યા |
| પ્ + અ + ર્ + વ્ + અ | પર્વ |

## Work sheet

### મૂળાક્ષર

* All Questions are compulsory.

Write a neat and clean handwriting.

Do best. ☺

* નીચે આપેલા શબ્દોનો વર્ણવિચ્છેદ કરો.

(૧) તરસ

(૨) માહી

(૩) શિક્ષક

* નીચે આપેલા શબ્દોનો વર્ણસંયોજન કરો.

(૪) જ્ + આ + ન્ + અ + વ્ + ઈ

(૫) આ + ન્ + અં + દ્ + અ

(૬) વ્ + આ + દ્ + અ + ળ્ + અ

* નીચે આપેલા કૌસમાંથી ખૂટતા સ્વર વ્યંજન શોધીને લખો.

( થ, ઐ, ગ, અ:, ઈ, ય, પ, ઋ )

(૭) ખ, ....  ન, ....

(૮) ...., ર  ત, ....

(૯) એ, .....  ઈ, ....

(૧૦) ઊ, .....  અં, ....

Delhi Public School Gandhinagar

Academic Session: 2022-2023

Class- V Third Language

પ્રાર્થના- હે જગત્રાતા વિશ્વવિધાતા

(Month of May)

કાવ્ય સુંદર અક્ષરે તમારી નોટબૂકમાં લખો અને તૈયાર કરો.

હે! જગત્રાતા વિશ્વવિધાતા
હે! સુખ-શાંતિનિકેતન હે!
પ્રેમ કે સિંધુ, દીન કે બંધુ,
દુ:ખ દરિદ્ર વિનાશક હે!
નિત્ય અખંડ અનંત અનાદિ,
જગઆશ્રય, જગપતિ, જગવંદન,
અનુપમ, અલખ નિરંજન હે!
પ્રાણસખા, ત્રિભુવન પ્રતિપાલક,
જીવન કે અવલંબન હે!